ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાકઃ રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૧૩/૧૦/૨૦૧૫

વંચાણે લીધા :-

(૧) સા. વ. વિભાગનો તા. ૫-૭-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

આમુખ

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ આગળના તા.૫-૭-૨૦૧૧ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય આપવાની યોજના હાલમાં અમલી છે. "ઉચ્ચક નાણાકીય સહાય" ચુકવવાની ઉકત યોજના અમલમાં મુકાયા બાદ તેમાં કરવામાં આવેલ જોગવાઈઓ સંદર્ભમાં, વિભાગો તરફથી આવતી રજુઆતોને ધ્યાને લઈ સ્વ.કર્મચારીનાં આશ્રિત કુટુંબ દ્વારા અરજી કરવાની સમયમર્યાદા નક્કી કરવાની બાબત , ફીકસ પગારમાં નિમણૂંક પામેલ કર્મચારીઓ તથા નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ નિયમિત નિમણૂંક પામેલ કર્મચારીના અવસાનના કિસ્સામાં આશ્રિત કુટુંબના સભ્યોને ઉચ્ચક નાણાકીય સહાયનો લાભ આપવા બાબત અને સ્વ.કર્મચારીના આશ્રિત કુટુંબના સભ્યોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા અગ્રતાક્રમ નક્કી કરવા બાબતે ફેરફાર /સુધારા કરવાની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પ્રસ્તુત બાબતમાં પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

(૧) સ્વર્ગસ્થ કર્મચારીના અવસાનની તારીખથી ૬ માસની મુદત દરમ્યાન આશ્રિત કુટુંબના લાયક સભ્યોએ " ઉચ્ચક નાણાકીય સહાય " મેળવવા માટેની અરજી કરવાની રહેશે.

આ સમયમર્યાદા બાદ કરવામાં આવેલ અરજીને સામાન્યત: ધ્યાને લેવાની રહેશે નહિં. તેમ છતાં, થયેલ વિલંબ બાબતે સંતોષકારક કારણો મળેથી રાજય સરકાર આ મુદતમાં છૂટછાટ આપી શકશે.

(૨) તા. ૫-૭-૧૧ ના ઠરાવની જોગવાઇ ક્રમાંકઃ ૩(૨) અંતર્ગત નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂંક પામેલા અને ઓછામાં ઓછી <u>પાંચ</u> વર્ષની સેવાઓ બજાવનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને આ જોગવાઇનો લાભ મળવાપાત્ર થાય છે. તેના સ્થાને આ " ઉચ્ચક નાણાકીય સહાય " નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂંક પામેલા અને ઓછામાં ઓછી **<u>એક</u>** વર્ષની સેવાઓ બજાવનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના સ્વર્ગસ્થ કર્મચારીના તેમજ વર્કચાર્જ મહેકમ ઉપરના વર્ગ-૩ અને વર્ગ-૪ ના સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિતકુટુંબને આ લાભ મળવાપાત્ર થશે.

(૩) તા. ૫-૭-૧૧ ના ઠરાવની જોગવાઇ ક્રમાંકઃ ૩(૩)ની વર્તમાન જોગવાઈના સ્થાને નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

"અવસાન પામેલ કર્મચારીના આશ્રિતોને નીચેના અગ્રતાક્રમ મુજબ " ઉચ્ચક નાણાકીય સહાય " મળવાપાત્ર થશે :

૧. સ્વર્ગસ્થ કર્મચારીના વિધવા કે વિધુરને

૨. સ્વર્ગસ્થ કર્મચારીના વિકલાંગ/શારીરિક અશક્ત પુત્રી કે પુત્રને

૩. સ્વર્ગસ્થ કર્મચારીની ૨૫ વર્ષની નીચેની વયની અપરણિત પુત્રીને (નિ:સંતાન કર્મચારીના કેસમાં તેની હયાતી દરમ્યાન હિન્દુ એડપ્શન એક્ટ-૧૯૫૬ હેઠળ દત્તક લીધેલ સંતાન સાથે)

૪. સ્વર્ગસ્થ કર્મચારીની ૨૫ વર્ષની નીચેની વયના અપરણિત પુત્રને (નિ:સંતાન કર્મચારીના કેસમાં તેની હયાતી દરમ્યાન હિન્દુ એડપ્શન એક્ટ-૧૯૫૬ હેઠળ દત્તક લીધે લીધેલ સંતાન સાથે)

૫. સ્વર્ગસ્થ કર્મચારીના માતાને

૬. સ્વર્ગસ્થ કર્મચારીના પિતાને